R.N.I. No. MAHBIL/2020/79181

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

# CDO PRAKASH SAMIKSHA


Since 1925...

(Gujarati & English Bilingual) FORTNIGHTLY

સળંગ વર્ષ ૧૦૦મું

VOLUME : 04 • ISSUE : 18 • PAGES : 32 • MUMBAI • DATE : 20TH JULY 2024

BIL EDITION • YEARLY SUBSCRIPTION RS. 250/-



With Best Compliments from:

# MICROFINISH

Pumps • Valves • Automation




6D 0301

0045

SIL 3 IEC 61508

ATEX 94/9/EC

## MICROFINISH VALVES PVT. LTD.

**REGISTERED OFFICE:**
B-161/162, Industrial Estate,
Gokul Road, Hubballi - 580030,
Karnataka, India.
Tel: +91-836-2212404 / 2210611
Email - sales@microfinishgroup.com
Website - www.microfinishgroup.com

**WORKS:** Block no.23B, Plot no.1 to 6,
Hubballi - Dharwad Bypass Road,
Itigatti Village, Dharwad - 580114,
Karnataka, India.

Tel: +91-836-2310015/16/19/25

**BRANCH OFFICES:**
Ahmedabad, Baroda,
Bengaluru, Chennai,
Delhi, Hyderabad, Indore,
Kanpur, Kolkata, Mumbai,
Pune.

# ૮૭ વર્ષ બાદ મંગલકારી મંજલ નગરે
## પ.પૂ. કાવ્યગુણાશ્રીજી મ.સા.ના ચાતુર્માસની આછેરી ઝલક




ઉપરથી (૧) નવકાર સંભળાવતા મ.સા., (૨) મ.સા.નું સ્વાગત કરતા શ્રાવકો, (૩) મ.સા.નાં સ્વાગત માટે ની રંગોળી, (૪) લાભાર્થી પરિવાર દ્વારા મ.સા.નું સ્વાગત, (૫) ઘડી અને સકન લાભાર્થી પરિવાર તરફથી, (૬) શાળાની કુમારીકાઓ દ્વારા સ્વાગત, (૭) પૂ.શ્રી કાવ્યગુણાશ્રીજી મ.સા. તથા પૂ. શ્રી તપગુણાશ્રીજી મ.સા., (૮) મંજલ નગરને પાવન કરતા મ.સા., (૯) કુ. નિશા સંઘવી ભક્તિરસ પીરસતા, (૧૦) ગહુલી કાઢતા લાભાર્થી પરિવાર, (૧૧) બેડા દ્વારા મ.સા.નું સ્વાગત, (૧૨) ચાતુર્માસ પ્રવેશ પ્રસંગે ઉમટેલો માનવ મહેરામણ અને છેલ્લે (૧૩) આભાર વિધિ કરતા.

# ૮૭ વર્ષ બાદ મંગલકારી મંજલ નગરે પ.પૂ. કાવ્યગુણાશ્રીજી મ.સા.નો ચાતુર્માસ



ડાબેથી પ.પૂ. કાવ્યગુણાશ્રીજી મ.સા. તથા જમણે પ.પૂ. તપોગુણાશ્રીજી મ.સા.

કચ્છ અબડાસા (તાલુકામાં) નાનકડી ટેકરી પર વસેલ મંજલ નગરે દિનાંક : ૧૩-૧૪ જુલાઈનાં અદમ્ય ઉત્સાહનું વાતાવરણ સરજાર્યુ હતું.

૮૭ વર્ષ પૂર્વે તપાગચ્છનાં **પ.પૂ. સાધુશ્રી માણેકવિજયજી મ.સા**ના ચાતુર્માસ પછી અચલગચ્છાધિપતિ **શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.**ની આજ્ઞાથી આજ્ઞાકારી **પ.પૂ. સાધ્વીશ્રી ભુવનશ્રીજી મ.સા.**ના પ્રશિષ્યા **પ.પૂ. સાધ્વીશ્રી વિરગુણાશ્રીજી મ.સા.**ના શિષ્ય **પ.પૂ. સાધ્વીશ્રી કાવ્યગુણાશ્રીજી મ.સા.**ની નિશ્રા પ્રાપ્ત થયેલ.

દિનાંક : ૧૩ જુલાઈનાં **શ્રી આદેશ્વરજી દાદા**નાં જિનાલયે પધારેલ મહેમાનો, ગ્રામ્યજનોને ભક્તિરસમાં તરબોળ કરવા માંડવી કચ્છની પ્રખ્યાત કોકીલ કંઠી કું. નિશા સંઘવી ને તેના સાજિંદાઓની સંગાથે ભક્તિ સંધ્યાનું આયોજન કરવામાં આવ્યું હતું.

દિનાંક ૧૪ જુલાઈનો દિવસ મંજલનાં સોનેરી ઈતિહાસમાં વધુ એક રૂપેરી પ્રસંગને આલેખવા જઈ રહ્યું હતું. ભાનુદેવે છડી પોકારી, અષ્ટઅશ્વનાં રથ ઉપર આરૂઢ થઈ, નભમાં ઉષાના રંગબેરંગી રંગો સંગાથે સુપ્રભાતની ઉદ્‌ઘોષણા કરી અને નજીક આવેલ રાયધણજર ગામથી પ.પૂ. સાધ્વીશ્રીએ પોતાના પૂનિત પગલાથી મંજલનાં રબારીવાસમાં આવેલ માતાજીના મંદિરના ચોકને પાવન કર્યો. ગગનભેદી સુત્રોથી વાતાવરણમાં ધાર્મિક વાદળો છવાઈ ગયા... **"ગુરુજી અમારો અંતર્નાદ... અમને આપો આશીર્વાદ"**ના અમી-છાટણાં થયાં.

સામૈયામાં સૌ પ્રથમ ઢોલ-શરણાઈ ત્યારબાદ બેન્ડપાર્ટી, પછી ધ્વજપતાકા લઈ શાળાના બાળકો, માથે રંગબેરંગી સજાવેલ બેડાં લઈ કુમારીકાઓ, રબારી સમાજનાં ભક્તિસૂર વહેવડાવતા ભક્તજનો, સાફા-પાઘડીથી શોભતાં શ્રેષ્ઠીવર્યો અને રાસ ગરબા લેતી બહેનો અને પાછળ માનવ મહેરામણ ઉમટી પડેલ.

જિનશાસનનો વરઘોડો મંજલ પથને પાવન કરતાં શ્રી જિનાલયનાં પ્રાગણમાં પધાર્યો. શ્રી આદેશ્વરજી દાદાના દર્શન-વંદનનો લાભ લઈ, **પ.પૂ.સાધ્વીશ્રીનાં મુખેથી માંગલિક અને પ્રવચન**નું પાન કરી વિશાળ સભા મંડપ તરફ આગળ વધ્યો...

આ મંડપમાં પધારેલ મહેમાનોનું ચાતુર્માસ સમિતિનાં **કન્વીનર શ્રી પદમશી હીરજી ગડા**એ આવકાર આપેલ, **શ્રી જિનાલયનાં ટ્રસ્ટીશ્રી હિરાચંદ દામજી દંડે** કાર્યક્રમનું મહત્વ સમજાવતી રૂપરેખા આપી, પધારેલ સર્વે મહેમાનોનું શાબ્દિક સ્વાગત કરેલ.

ત્યારબાદ ડુમરાથી ખાસ પધારેલ **પ.પૂ. સાધ્વીશ્રી હર્ષગુણાશ્રીજી મ.સા.**નાં શિષ્યા **પ.પૂ. સાધ્વીશ્રી તપોગુણાશ્રીજી મ.સા.** પોતાની સાથે વિદ્યાપીઠમાં અભ્યાસ કરાવનાર **પ.પૂ. સાધ્વીશ્રી કાવ્યગુણાશ્રીજી મ.સા.**નાં ચાતુર્માસ પ્રવેશ પર પધારી મન ચિંતન કરવા લાગે તેવું પ્રવચન આપી શોભામાં અભિવૃદ્ધિ કરી હતી.

કાર્યક્રમને આગળ વધારતા જુદા જુદા જ્ઞાનના ચડાવા, પૂ.શ્રીનું ગુરુપુજન અને કામળી વહોરાવવાની ઉછામણી બોલાવવામાં આવેલ જે આ નાનકડા ગામમાં ૪૩,૦૦૦ મણથી પણ અધિક થયેલ.

**શ્રી મંજલ રેલડિયા અચલગચ્છ જૈન સંઘ** તરફથી પધારેલ જુદા જુદા ગામોનાં શ્રી સંઘપતિઓનું બહુમાન કરી, સંપૂર્ણ ચાતુર્માસનાં લાભાર્થી **"માતુશ્રી વિજયાબેન કલ્યાણજી હીરજી વોરા પરિવાર"**નું સ્ટેજ ઉપર ભવ્યાતીભવ્ય અભિવાદન કરવામાં આવેલ.

શ્રી સંઘ તરફથી આભારવિધિ બાદ, ચાતુર્માસનાં લાભાર્થી પરિવાર તરફથી આયોજિત ભોજનનો, મીઠા સંભારણાનો, પ્રભાવનાનો લાભ લઈ કાર્યક્રમને પૂર્ણાહૂતિ તરફ પ્રસ્થાન કરાવેલ.

તંત્રી સ્થાનેથી

# શિક્ષણ વ્યવસ્થાની ચિંતાજનક સ્થિતિ



– CA હીરાચંદ દંડ, Mob.: 77385 08150

આપ સૌને કચ્છી નવા વર્ષ–અષાઢી બીજની શુભકામનાઓ

શિક્ષણ આજે મોટો ધંધો બની ગયો છે. ઘણી મેડીકલ કોલેજો અને અન્ય કોલેજો રાજકારણીઓ દ્વારા ચલાવવામાં આવે છે અને તેઓ પૈસા ઉઘરાવે છે અને તેમની સામે ગેરરીતિઓ, તેમના દ્વારા લેવામાં આવેલા મોટા ડોનેશન વગેરે માટે કોઈ પગલાં લેવામાં આવતા નથી. વિદ્યાર્થીઓ આવી સંસ્થાઓ પાસેથી સારા શિક્ષણની અપેક્ષા રાખી શકતા નથી પરંતુ તેમની પાસે કોઈ વિકલ્પ નથી. આ રોગ ઉધઇની જેમ ફેલાય છે. શિક્ષણ ક્ષેત્રને સ્વચ્છ કરવામાં સરકાર નિષ્ફળ રહી છે. અને તાજેતરમાં નીટની પરીક્ષાના પેપર લીક થયા છે તેના કારણે મેડિકલ પરીક્ષાઓમાં ચાલી રહેલી ગેરરીતિઓ સામે આવી છે.

મેં જોયું છે કે આપણી જ્ઞાતિમાં મધ્યમ વર્ગના પરિવારોમાં માતાઓ હજુ પણ મુખ્ય ભૂમિકા ભજવે છે અને પિતા તેમના બાળકોના શિક્ષણ માટે સમય આપતા નથી. તાજેતરમાં ઉત્કર્ષ ટ્રસ્ટ તરફથી શિક્ષણ સહાય માટે મને ઘણા કોલ્સ આવ્યા છે અને એક કોલ સિવાય અન્ય તમામ કોલ્સ માતાઓ દ્વારા કરવામાં આવ્યા હતા. તો માત્ર માતાઓએ જ તેમના બાળકોના શિક્ષણનું સંચાલન કરવાનું છે? જવાબદારી માતાપિતા બન્ને પર છે. માતાપિતા બન્નેએ તેમના બાળકોના શિક્ષણ અને વિકાસ માટે સમય આપવો જોઈએ.

આપણી જ્ઞાતિ વિદ્યાર્થીઓને તેમના શિક્ષણ માટે શિષ્યવૃત્તિ, લોન, હોસ્ટેલ વગેરે શ્રેષ્ઠ સુવિધાઓ પ્રદાન કરે છે પરંતુ હજુ પણ ઘણા વાલીઓ એ અંગે જાણતા નથી. પોતાના સંતાનોના અભ્યાસ અને વિકાસ માટે જ્ઞાતિ દ્વારા ઉપલબ્ધ સુવિધાઓની જાણકારી રાખવી જરૂરી છે.

મુંબઈ મહાજને ૧૫મી જૂનના રોજ ગ્રુમીંગ અંગે વર્કશોપનું આયોજન કર્યું હતું. વક્તા ઉત્તમ હતા પરંતુ યુવાનો તરફથી ખૂબ જ ઓછો પ્રતિસાદ મળ્યો. આ સત્રમાં ઉપસ્થિત એક વ્યક્તિ દ્વારા મને કહેવામાં આવ્યું કે સત્ર શાનદાર હતું અને તેણે આ સત્રમાં હાજરી આપીને ઘણું બધું પ્રાપ્ત કર્યું હતું. માતાપિતાએ તેમના બાળકોને આવા સત્રોમાં હાજરી આપવા અને વધુ જ્ઞાન મેળવવા માટે કહેવું જોઇએ. આવી વર્કશોપ માટે નબળો પ્રતિસાદ આયોજકોને આવા સત્રો ગોઠવવા નિરાશ કરે છે. હું બધાને વિનંતી કરું છું કે યુવાનોએ વર્કશોપ અને જ્ઞાન સત્રોનો મહત્તમ લાભ લેવો જોઈએ. આપણી જ્ઞાતિમાં વિવિધ વિષયો પર ઘણી જાણકાર વ્યક્તિઓ છે પરંતુ તેઓ આપણા તરફથી મળતા નબળા પ્રતિસાદથી નિરાશ થાય છે. જેથી આપણે વધુ સારા વિકાસ માટેની તકો તથા બીજું ઘણું બધું ગુમાવીએ છીએ.

હવે પ્રકાશ સમીક્ષાના ૧૦૦ વર્ષની ઉજવણી વિશે ટૂંકમાં જણાવું છું. શતાબ્દી વર્ષની ઉજવણીના ઉપલક્ષમાં અમે ખૂબ જ સુંદર કોફી ટેબલ બુક લઈને આવી રહ્યા છીએ અને તેમાં આપણી જ્ઞાતિની અગ્રણી વ્યક્તિઓના ઇન્ટરવ્યુ અને ૧૦૦ વર્ષની પ્રકાશ સમીક્ષાની ટૂંકી સફર વિશે માહિતી હશે. એ ઉપરાંત વિશેષાંક ૧લી ડિસેમ્બરે પ્રકાશિત થશે. હું પ્ર.સ.ના તમામ વાચકોને તેમની પ્રકાશ સાથેની યાદો શેર કરવા વિનંતી કરું છું અને તે વિશેષ આવૃત્તિમાં પ્રકાશિત કરવામાં આવશે. પ્રકાશની સ્પેશિયલ એડિશનમાં પ્રકાશના ૧૦૦ વર્ષના ગૌરવશાળી ઈતિહાસને પણ વિગતવાર દર્શાવવામાં આવશે. આપ સૌને ઉત્સાહ દર્શાવી શતાબ્દી વર્ષની આ ઉજવણીનો ભાગ બનવા વિનંતી છે.

## આદ્યતંત્રીઓ

"પ્રકાશ"
ડૉ. વેલજી પાર્શ્વીર ગોસર
"સમીક્ષા"
સનત્ શાહ અને ગોવિંદજી જીવરાજ લોડાયા
"પ્રકાશ સમીક્ષા"
સનત્ શાહ
રાયચંદ રતનશી નાગડા

**: તંત્રી :**
CA હીરાચંદ દામજી દંડ


**ટ્રસ્ટ રજી. નં : F - 69260**
પ્રમુખ : CA હીરાચંદ દામજી દંડ
કોષાધ્યક્ષ : હેમાંગ લાલજી શાહ (લોડાયા)

**અન્ય ટ્રસ્ટીઓ**

કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
ઉદયન લાલજી લોડાયા
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
શૈલેશ સનત્ શાહ
કિરીટ ખેતસી શાહ
જયંત વિશનજી છેડા


**સરનામામાં ફેરફાર અંગે વિશેષ વિનંતી.**
આપના રહેઠાણના સરનામામાં ફેરફાર અંગેની નોંધ હવેથી **kdoaddress@gmail.com** ઉપર મોકલવા.


**વૉલ્યુમ : ૦૪, અંક : ૧૮, તા. ૨૦-૦૭-૨૦૨૪**



**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**PRAKASH SAMIKSHA**
A/704, Remi Bizcourt, Plot No. 9,
Shah Indl. Estate, Off Veera Desai Road,
Andheri (W), Mumbai-400 053.

**: જાહેરાત સંપર્ક :**
હેમાંગ લાલજી શાહ
મો.: 99206 46846
E-mail : **kdoprakash@gmail.com**


**વિશેષ નોંધ :** પ્રકાશ સમીક્ષામાં પ્રકાશિત થતા દરેક પ્રકારના લેખ અને મંતવ્યોમાં વ્યક્ત વિચારો જે તે લેખકના છે. પ્રકાશ સમીક્ષાનું તંત્રી મંડળ તે વિચારો સાથે સહમત છે તેમ માનવું નહીં. **- તંત્રી**

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....**
**www.prakashsamiksha.com**

## પ્રકાશ-સમીક્ષાના જાહેરાત દર ૧ એપ્રિલ ૨૦૧૯ થી

### કલર પાનાની જાહેરાત

| પ્રકાર | સાઈઝ | કલર | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| મુખપૃષ્ઠ | 167 x 190 mm | 11,000/- | 550/- | 11,550/- |
| આખું પાનું | 167 x 233 mm | 10,000/- | 500/- | 10,500/- |
| અડધું પાનું | 167 x 114 mm | 6,000/- | 300/- | 6,300/- |
| પા પાનું | 82 x 114 mm | 4,000/- | 200/- | 4200/- |

### બ્લેક એન્ડ વ્હાઈટ પાનાની જાહેરાત

| પ્રકાર | સાઈઝ | B/W | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 6,000/- | 300/- | 6,300/- |
| અડધું પાનું | 160 x 111 mm | 3,500/- | 175/- | 3,675/- |
| પા પાનું | 77 x 111 mm | 2,000/- | 100/- | 2,100/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | 1100/- | 55/- | 1155/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | 600/- | 30/- | 630/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

**'પ્રકાશ-સમીક્ષા' પાક્ષિક**

દર મહીને ૫ અને ૨૦ તારીખના પ્રગટ થાય છે. લેખો, સમાચારો આગામી કાર્યક્રમો-પ્રવૃત્તિઓની જાહેરાતો ઈત્યાદી અનુક્રમે ૧ અને ૧૫ તારીખ સુધીમાં મોકલાશે તો તે મેટર જે તે અંકોમાં પ્રકાશિત કરવાનું અમને શક્ય બનશે.

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 004003000002
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
Branch : Chinch Bunder, Mumbai - 400 009.
IFSC Code : ICIC00ARIHT (after ICIC it is zero zero)
MICR Code : 400800005
Name of the Account: Shri C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359011
You must write/mail separate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers-Just give your Subscription Number.
For New Subscribers - Give full residence address with native village (Kutch Halar).
જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.
જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.
નવા ગ્રાહકોએ હાલનું પૂરું સરનામું પોતાના (કચ્છ-હાલાર)ના ગામ સાથે લખી મોકલવું.
For Cheque Payment
Draw your cheque in the name of **"Shri C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.
ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક Shri C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવો જોઈએ.

# પ્રકાશ સમીક્ષાના શતાબ્દી વર્ષની ઉજવણીના ઉપલક્ષમાં પ્રકાશ સમીક્ષાના ભૂતપૂર્વ તંત્રીશ્રીઓના પરિવારજનો તથા લેખકો, પ્રતિનિધીઓ તથા તેમના પરિવારજનોને વિનમ્ર નિવેદન

પ્રકાશ સમીક્ષાનું આ શતાબ્દી વર્ષ છે. તા. ૧ ડિસેમ્બર ૨૦૨૪ના સન્મુખાનંદ હોલ, કિંગ સર્કલ, મુંબઈ ખાતે ભવ્ય સમારંભમાં શતાબ્દી મહોત્સવ ઉજવાશે. એ પ્રસંગે સહભાગી થવા પ્ર. સ.ના ભૂતપૂર્વ તંત્રીશ્રીઓના પરિવારજનો, લેખકો, પ્રતિનિધીઓ તથા તેમના પરિવારજનોને પધારવા ભાવભર્યું જાહેર નિમંત્રણ છે.

આપ સૌનો વ્યક્તિગત સંપર્ક સાધી શકાય એ માટે આપનું પુરૂં નામ, સરનામું, મોબાઈલ નંબર તથા ઈ-મેઈલ આઈડી ત્વરિત અમારા સુધી પહોંચાડવા આપ સૌને વિનમ્ર નિવેદન છે.

E-mail : **kdoprakash@gmail.com** Whats Whats App : **77385 08150**

પ્ર.સ.માં આપની અથવા આપના માતા-પિતાની ભૂમિકા : વર્ષ ____________

______________________________

______________________________

નામ : ______________________________

મો.નં.: ______________________ ગામ : ______________________

સરનામું : ______________________________

______________________________

ઈ-મેઈલ : ______________________________

ઉપરોક્ત ફોર્મેટમાં વિગત ભરીને મેઈલ, વાટ્સએપ કે કુરિયર દ્વારા ત્વરિત મોકલી આપવા વિનંતી.

**પ્રકાશ સમીક્ષા સમિતી**

## પ્રકાશ સમીક્ષાના તંત્રીશ્રી હીરાચંદ દંડ હૈદરાબાદની આગામી મુલાકાત

**પ્રકાશ સમીક્ષાના તંત્રી શ્રી હીરાચંદ દામજી દંડ ગુરૂવાર તા. ૧.૮.૨૦૨૪ના હૈદરાબાદની મુલાકાત લેશે તથા ત્યાં વસતા કદઓ જ્ઞાતિજનો સાથે પ્રકાશ સમીક્ષાના શતાબ્દી વર્ષની ઉજવણી સંદર્ભે વિચારવિમર્શ કરશે.**

## જીવનસંધ્યા - સુખાલય

માનનીય ભાઈ શ્રી તિલકચંદભાઈના મેસેજ રોજ વાંચતો હતો તેથી આઠેક મહિનાથી પ્રબલ ઈચ્છા હતી કે એક વખત તો જરૂર જીવન સંધ્યા-સુખાલયની મુલાકાત લેવી. તે ઈચ્છા મુજબ તા ૦૭-૦૭-૨૪ થી તા ૦૯-૦૭-૨૪ સુધી ત્યાં રહેવાનું સદવકાશ પ્રાપ્ત થયું.

પ્રાકૃતિક સૌંદર્યથી ઓતપ્રોત બનેલ વાતાવરણનું અવલોકન કરતા મન પ્રફુલ્લિત થઈ જાય. મનમોહક આકર્ષક નયનરમ્ય દૃશ્યો નિહાળતાં આનંદની અનુભૂતિ માણી શકીએ છીએ. હમણાં તો આધુનિક સુવિધાઓ ઉપલબ્ધ છે. એમ્ફી થીયેટર, જોલી ઝુલા, ફીઝીયોથેરેપી, એક્યુપ્રેશરની મજા માણવા જેવી છે. ધ્યાન માટેનું મંદિર પૂર્ણતાના આરે છે. ફુવારાઓનું કામકાજ પણ પ્રગતિમાં છે. ભવિષ્યમાં રંગબેરંગી ફુવારાઓથી સૌંદર્યમાં વધારો થશે. નીમના ઝાડની ચારેકોર બેસવાની સગવડ છે. સ્વાદિષ્ટ ભોજન પણ મળે છે.

જ્ઞાતિજનોને મારું નમ્ર નિવેદન છે કે હવા ફેર માટે જ્યારે પણ પ્રોગ્રામ બનાવો, ત્યારે એકવાર તો જરૂર જ્ઞાતિની આ સંસ્થા માટે પણ પ્રોગ્રામ બનાવો. હમણાં તો ક્યારેક જ જ્ઞાતિજનો અત્રે આવે છે. જ્ઞાતિજનો પધારશે તો જરૂર રોનક વધશે.

**- રમેશચંદ જયચંદ નાગડા**
નલીયા (કોપલ)

## સમયની જરૂરત છે કે બધો વહીવટ યુવાવર્ગને સોંપવામાં આવે

કચ્છ અબડાસાની આપણી સંસ્થાઓ તેમજ દેરાસરજીના મેનેજમેંટ ટ્રસ્ટીગણોમાંથી અમુકોએ હમણા સુધી ખુબજ સરસ કાર્ય કરેલ છે. હવે સમયની જરૂરત છે કે બધો વહીવટ યુવાવર્ગને સોંપવામાં આવે અને ગામના વડીલ ટ્રસ્ટીઓ, વિશ્વસ્ત ટ્રસ્ટી બની યુવાઓને કાર્ય કરવા પ્રોત્સાહન આપે.

ખુબજ ખરાબ કપરો સમય આવી રહ્યો છે.




આપણી સંસ્થાઓની મિલકતો : આપણા સમાજની અબડાસા ગામોમાંથી વસ્તી ઘટવાના કારણે અન્ય સમાજોનો કબ્જો થવાની પુરેપુરી સંભાવના થઈ રહેલ છે. આપણા આજના યુવાઓ આવી અનેક ગંભીર સમસ્યાઓનો સરસ ઉકેલ લાવી શકે છે.

ધ્યાન આપો : આ બાબતે આપણા સમાજના બધાજ એકમો તેમજ અન્ય સામાજિક સંસ્થાઓ, સમસ્ત મહાજન તેમજ પ્રકાશ સમીક્ષા બધાએ સાથે મળીને સહિયારો પ્રયત્ન કરવો ખુબજ જરૂરી-અગત્યનું છે. કચ્છમાં આપણી વસ્તી કેમ વધારવી એ જ મુખ્ય બાબત છે.

આપણી અમુલ્ય ધરોહરો ઉપર અન્ય સમાજનો કબ્જો થાય તે પહેલા આપણે જાગૃત થઈ પ્રયત્નો કરવાની જરૂરત છે.

**- તેજકુમાર શામજી નાગડા(જૈન)**
નલીયા (રાજકોટ)

## પ્રકાશ સમીક્ષાનું શતાબ્દી વર્ષ

જય જિનેન્દ્ર

હું માલતી હરીશ ધરમશી પ્રકાશ સમીક્ષામાં લગભગ ૩૦ -૩૫ વરસોથી લેખો અથવા કવિતા લખતી આવી છું. હું પ્રકાશ સમીક્ષાના સંપાદકોની આભારી છું કે એમણે મને ખૂબ સાથ સહકાર આપ્યો છે અને સમય - સમય પર મારા લેખ અથવા કવિતા ને પ્રકાશિત કર્યા છે.

આપણું પોતાનું પ્રકાશ સમીક્ષા આજે શતાબ્દી વર્ષમાં પ્રવેશ કરી ચૂક્યું છે એ ખરેખર એક આનંદની વાત છે. આપણા સમાજની આ પાક્ષિક પત્રિકા આપણા સૌની વાચા બનીને સમાજની સાથે અડીખમ ઊભી છે. હજી પણ એવો વર્ગ છે જે '' પ્રકાશ સમીક્ષા'' ની hard copy ની વાટ જોતા હોય છે. સમયાંતરે તેમાં ઘણાં ફેરફાર થયા છે. અને એ જરૂરી પણ હતું.

મારા જેવું કંઈ પણ કામ હોય તો જરૂર જણાવશો. ફરી એક વખત પ્રકાશ સમીક્ષાને અને એના સંચાલકોને ખૂબ ખૂબ અભિનંદન.

**- માલતી હરીશ ધરમશી**
જખૌ (નવી મુંબઈ)
મો. ૯૮૬૯૨ ૮૯૩૪૫

### વિશેષ નોંધ :

પ્રકાશ સમીક્ષામાં પ્રકાશિત થતા દરેક પ્રકારના લેખ અને મંતવ્યોમાં વ્યક્ત વિચારો જે તે લેખકના છે. પ્રકાશ સમીક્ષાનું તંત્રી મંડળ તે વિચારો સાથે સહમત છે તેમ માનવું નહીં. **- તંત્રી મંડળ**



# કચ્છ દર્શન



લેખક : સોમ ધરમશી
મો. : ૯૭૨૬૭ ૭૬૬૨૭

(ભાગ : ૨૫)

**(ગતાંકથી ચાલુ)**

શિવમસ્તુ સાધના કેન્દ્રની વધુ વિગતો પૂ.શ્રી પાસેથી જાણીએ તે પહેલા મારા મનમાં વિચાર ઉદ્‌ભવ્યો : શિવમસ્તુ સાધના કેન્દ્રની સ્થાપના કચ્છમાં જ કેમ કરી ?

શાસન પ્રભાવક પૂજ્ય મહાભદ્રસાગરજી મ.સા.નો વિશાળ ચાહકગણ કચ્છ-મારવાડ-રાજસ્થાન-ગુજરાતમાં પથરાયેલો છે, પછી કચ્છની જ પસંદગી શા માટે ? પૂ.શ્રી પૂર્ણભદ્રસાગરજી મ.સા. જાણે કે મારી મનોવ્યથા જાણી ગયા હોય તેમ મારા અંતરમાં પ્રવેશી એક પ્રકાશપુંજ દ્વારા ઉત્તર આપી રહ્યા હતા.

કચ્છભુમિ સૈકાઓથી જગતને આકર્ષતી રહી છે. દેશના પશ્ચિમ ખુણે આવેલો આ તદ્દન ભિન્ન પ્રદેશ છે. ભૌગોલિક વ્યુહાત્મક સ્થિતિ ઐતિહાસિક મહત્ત્વ, લોકસંસ્કૃતિ, પરંપરા અને બધાથી ચઢિયાતી ખુમારીએ કચ્છને ખ્યાતનામ બનાવ્યું છે. શિવમસ્તુ સાધના કેન્દ્ર માટે આ ધીંગીધરા સિવાય બીજી કોઈ જગ્યા શક્ય જ નથી.

ઉપાશ્રયમાં હાજર નિતિનભાઈએ સવાલ કર્યો : ''સમવસરણ'' એટલે શું ?

સમવસરણ એટલે પરમાત્માના અદ્‌ભૂત યોગ-સામ્રાજ્યના સાક્ષાત દર્શન ! ગોળની મીઠાશ જેમ માણી શકાય, તેટલી પુરેપુરી શબ્દોમાં ઢાળી ન શકાય. તેમ ગમે તેટલું વર્ણન કરવા છતાં જેનું પુરેપુરું વર્ણન થઈ જ ન શકે તેવું આ ''સમવસરણ'' એ એક દેવકૃત અતિશય છે. ''સમવસરણ'' એટલે દેવોના ભક્તિ સંપન્ન હૃદયની ઝળહળતી ઝાંખી ! રચના તો એની ભક્તિ સંપન્ન દેવો કરે છે, પરંતુ અત્યંત આશ્ચર્યકારી એવું આ કાર્ય સંપન્ન થાય છે શ્રી અરિહંત ભગવંતોના અતિશાયી પ્રભાવથી.

પૂ.શ્રી પાસેથી આ સંકુલમાં આવેલ વિવિધ સ્થાપત્યોની માહિતી મેળવી અમારા યાત્રિકો બસમાં ગોઠવાયા. બસ સંકુલની બહાર નિકળી એટલે દુરથી સમવસરણ મંદિર જે ગ્રાઉન્ડ + ત્રણ માળમાં દેદીપ્યમાન બનાવવામાં આવ્યું છે તેને મનમાં વસાવી તેનાં ગુણગાન ગાતા અને મનોમન પ.પૂ. શ્રી પૂર્ણભદ્રસાગરજી મ.સા.નો આભાર માનતા અમે આગળ વધ્યા.

અમારી હવે પછીની મુલાકાત હતી આશાર માતાનું પ્રખ્યાત મંદિર. કચ્છનાં બાલુડાની રક્ષા ચારે તરફથી કચ્છની દેવીરાણી માતાઓ કરે છે. ઉત્તરમાં આશાપુરા માતા (માતાનાં મઢ), પૂર્વમાં રવેચી માતા, દક્ષિણમાં જોગણીનાર અને પશ્ચિમમાં આશાર માતા...

દંતકથા એવી છે કે માંડવીની ખારવા, ભાડલા કોમનાં સાહસિક માલમો દરિયાની ખેપ કરવા નીકળે ત્યારે પુજાપાનો સામન લઈ આશાર માતાનાં મંદિરે આવે અને માતાનું ધ્યાન ધરી આરતી કરી નાળિયેર વધેરીને આશીર્વાદ લઈ પછી જ પોતાના વહાણને દરિયામાં ઉતારે.

કહેવાય છે કે ઘણી વખત ઝંઝાવાતમાં આશાર માતા માલમનાં સહારે આવી છે. મધદરિયે તોફાની ઝંઝાવાતમાં વહાણ ફસાય,કેટલાંય અરમાનો લઈને દરિયામાં ગયેલા માલમોનાં વહાણ તોફાની મોઝાંઓની થપાટે ચડે ત્યારે માતાજીનું સ્મરણ જ એક માત્ર સહારો અને ધીમે ધીમે તોફાન ઓસરતાં વહાણ સુસવાટા ભરતું આગળ વધે. દરિયો ખેડી માલમ અને તેના સાથી નાખુદાઓ પાછા આવે તો ઘરનું પાણી પછી પીએ પહેલાં માતાજી પાસે આવી આરાધના-ભક્તિ કરી નાળિયેર વધેરે અને પછી જ ઘરે જાય. તો ચાલો આપણે પણ આ માતાના દર્શન કરીએ અને અહિંના સફેદ રેતીથી આચ્છાદિત કિનારા પર પગ મોકળા કરીએ, અહિં દરિયામાં સંભાળીને નાહવું હિતાવહ છે... વધુ આવતાં અંકે...



**આશાર માતાજીનું મંદિર, લાયજા - કચ્છ.**


U M KHONA AND COMPANY
CLEARING | FORWARDING | LOGISTICS
AEO
भारतीय सीमा शुल्क
INDIAN CUSTOMS
COMMITMENT TO EXCELLENCE
OUR PRESENCE AT:
MUMBAI
JNPT
HAZIRA
KOLKATA
HALDIA
CHENNAI
KANDLA
MUNDRA
PIPAVAV
U M KHONA AND COMPANY
1011, Universal Majestic,
Behind RBK International Academy,
Off Ghatkopar – Mankhurd Link Road,
Chembur, Mumbai 400 088.
Email : harsh.lapsia@umkhona.com
Tel : +91 22 6155 9999 / +91 98190 30311
Fax : +91 22 6155 9955
jayant.lapsia@gmail.com
Tel.: 6155 9901
www.umkhona.com
CB: 11/189

આરોગ્ય પ્રકાશ

# યુરિક એસિડ અને ગાઉટ



- ડૉ. વીરચંદ લખમશી નાગડા,
M.B.B.S. (મુંબઈ), **M : 8369077978**

લોહીમાં યુરિક એસિડનું પ્રમાણ સ્ત્રીઓ માટે ૬ મિ.ગ્રા./mg. અને પુરૂષો માટે ૭ મિ.ગ્રા./mg. થી વધુ હોય તો તે 'હાયપર યુરેસેમીયા' કહેવાય જે આરોગ્ય માટે નુકશાનકારક છે. સતત યુરિક એસિડનું પ્રમાણ લોહીમાં વધુ રહે તો એના ક્રિસ્ટલ તૈયાર થઈ સાંધામાં ભરાય એથી ગાઉટ થાય અને કીડનીમાં જમા થઈ કીડની સ્ટોન થઈ શકે. સમયસર ઈલાજ કરવામાં ન આવે તો સાંધાઓને અને કીડનીને કાયમી નુકશાન થઈ શકે. પુરૂષોમાં ગાઉટ કોઈપણ ઉંમરે થઈ શકે જ્યારે સ્ત્રીઓમાં મોનોપોઝ પછી જ જોવા મળે છે.

**લક્ષણો :** યુરિક એસિડ વધુ હોય તો લોહી અને પેશાબની તકલીફમાં ખબર પડે. એકદમ અચાનક શરીરના સાંધાઓમાં ખાસ કરીને પગના અંગુઠાના સાંધાઓમાં દુઃખાવાની શરૂઆત થાય. ક્યારેક દુઃખાવાને લીધે દર્દી મોજા-બુટ પણ પહેરી શકતો નથી, ચાલવામાં તકલીફ થાય, શરૂમાં દુઃખાવો વધઘટ થાય કે દુઃખાવો આંતરે આંતરે થાય. જેમને ડાયાબીટીઝ, હાય બી.પી. કે હૃદય સંબંધી બિમારી હોય તેમને ગાઉટ થવાની શક્યતા વધુ રહે છે.

**કારણો :** દારૂ, સાકર, દરિયાઈ ખોરાક, મેંદાની, બેકરીની વસ્તુઓ વધુ પડતું પ્રોટીન હોય એવા ખાદ્ય, પ્યુરીનયુક્ત ખાદ્ય (માંસ, બીન્સ, લીલા વટાણા) વધુ ખાવાથી લોહીમાં યુરિક એસિડ વધે છે. તે ઉપરાંત જાડાપણું, અનિયમિત જીવનશૈલી, બેઠાડુ જીવન, ચાલવાનો, કસરતનો અભાવ, મહિલાઓમાં હોર્મોન ચેન્જીસ, વારસાગત કે મોટી ઉંમરે થવાની શક્યતા વધુ છે. સ્યુમેટોઈડ, આર્થરાઈટીઝ, સોરાયસીઝ મટાડવા ઓરગન ટ્રાન્સપ્લાન્ટ વખતે ઈમ્યુન સપ્રેસીંગ દવાઓ જેવી કે Cyclosporin, Tacrolimus વગેરે, Aspirin, પેશાબ વધારતી ડાયયુરેટીક્સ, નિઆસીન (Vit B3) ટી.બી.ની દવા પાયરેઝીનામાઈડ, પાર્કિસનની દવા લીવોડોપા, બીટાબ્લોકર્સ (હાય બી.પી. ઈરેગ્યુલર હાર્ટ રીધમ, હાર્ટ ફેલ્યર, એન્જાઈના, હાટ એટેક, અમુક હાથપગની ધ્રુજારીમાં, માઈગ્રેન વગેરે બિમારીમાં આપવામાં આવે છે.) આ દવાઓ લોહીમાં યુરિક એસિડ વધારી શકે. તેથી જો લોહીમાં યુરિક એસિડ વધુ જ હોય તેને ઉપર જણાવેલ દવાઓ ન લેતા તેનો વિકલ્પ શોધી લેવો.

**નિદાન :** પગના અંગૂઠામાં દુઃખાવો, લાલાશ અને સોજા આવા ટીપીકલ લક્ષણો હોય ત્યારે લોહી અને પેશાબ ચેક કરવાથી લોહીમાં યુરિક એસિડ વધુ આવે અને પેશાબમાં યુરિક એસિડના ક્રિસ્ટલ દેખાય. ચોક્કસાઈપૂર્વક ખાતરી કરવા સોજાવાળા સાંધામાંથી પ્રવાહી ખેંચી તેની તપાસ કરતાં તેમાં યુરિક એસિડના ક્રિસ્ટલ દેખાય જેથી ગાઉટનું નિદાન થાય. આ પ્રવાહીની ચેકીંગ જરૂર ન હોય તો ન જ કરાવવું કારણ તે ચેકિંગમાં કાળજી ન લેવાય તો સાંધામાં ઈન્ફેક્શન લાગુ પડી શકે.

**ખાવામાં સંભાળ :** લોહીમાં યુરિક એસિડ વધુ છે તે જાણ થઈ જાય તો એરેટેક પીણા (તેમાં સાકર વધુ હોય છે) ઉચ્ચ ફ્રૂક્ટોઝ હોય તેવા મીઠા ફળો (સફરજન, ખજુર, અંજીર, પેર) પાલક, બ્રોકોલી, લીલા વટાણા, મશરૂમ્સ (આમાં પ્યુરીન વધુ હોય છે) મેંદાની, બેકરીની ચીજો, ફુલગોબી, બધી દાળો, ચોળી, તુવેર, વાલોર પાપડી વગેરે લીમીટમાં લ્યો.

**યુરિક એસિડ નિયંત્રણ માટેના ઘરગથ્થુ ઈલાજ :** (૧) એપલ સાઈડર વિનેગર ડિટોક્ષ દવા તરીકે કામ કરે, યુરિક એસિડને શરીર બહાર કાઢે. એક ગ્લાસ પાણીમાં ૧ ચમચી એપલ સાઈડર વિનેગર નાખી મિક્સ કરી દિવસમાં ૩ વખત લ્યો. (૨) લીંબુ : ૧ ગ્લાસ નવસેકા પાણીમાં ૩ ચમચી લીંબુનો રસ નાખી રોજ સવારે ખાલી પેટે લ્યો. (૩) ચેરી : ડાર્ક ચેરી ૨-૩ અઠવાડીયા રોજ ખાવ કે તેનો રસ લ્યો. (૪) ઓલિવ ઓઈલ : સલાડ વગેરેમાં તેનો ઉપયોગ કરો. (૫) ખાવાનો સોડા : ૧ ગ્લાસ પાણીમાં અડધી ચમચી સોડા નાખી દરરોજ પીવો, તેના આલ્કલાઈન તત્ત્વો યુરિક એસિડને કીડનીની મદદથી ફિલ્ટર કરી બહાર કાઢશે. (૬) દૂધ : રોજ રાત્રે સૂતાં પહેલા હુંફાળુ દૂધ પીવું (૭) ઘઉંના જવારા : ઘઉંના જવારા વિટામીન-સી ક્લોરોફીલ અને બીજા પોષક તત્ત્વોથી ભરપૂર છે. ઘઉંના જવારાનો રસ ૧૫

**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : જયેશ દામજી નથુભાઈ દંડ - મંજલ રેલડીયા (મુલુંડ)**

થી ૩૦ મિ.લિ. જેટલું દરરોજ પીઓ. (૮) પાણી પુષ્કળ પ્રમાણમાં પીઓ જેથી યુરિક એસિડ પેશાબ વાટે બહાર નીકળી જાય. (૯) ખોરાકમાં ફાયબર અને વિટામીન 'સી' વધારે હોય તેવા પદાર્થો લ્યો. મેડીટેરીયન ડાયેટ (ફળો, આદુ, હળદર, શાકભાજી, આખું અનાજ અને હેલ્ધી ચરબી-અળસી, તકમરીયા, ટોફુ, ઓલિવ ઓઈલ) લ્યો (૧૦) ચા, કોફી, માદક પદાર્થ અને સાકર ન લ્યો. (૧૧) જીવન નિયમિત બનાવો. ખાવા-પીવા અને સુવાના સમયમાં નિયમિતતા લાવો. ઉણોદરી પાળો, ચોવિહાર કરો. (૧૨) સ્ટ્રેસ હોય તો દૂર કરો (૧૩) પ્રોટીન વધુ હોય તેવી વસ્તુઓ બંધ કરો, પ્રોટીન મળે તે માટે મગ કે મઠના ખાખરા, સોયાબીન, ચણા, ચણાનો લોટ, બાફેલા મગ વગેરે લ્યો. (૧૩) દુઃખાવાથી છૂટના પેઈન કીલર, બીજી એલોપેથીક દવાઓ લેવાય છે જે તાત્પુરતી દઃખાવો મટાડે પણ તેની સાઈડ ઈફેક્ટ ઘણી છે. આ રોગના દર્દ ઘટાડવા સ્ટેરોઈડના ઈન્જેક્શન ડોક્ટરો સાંધામાં આપે છે પણ તેની ગંભીર સાઈડ ઈફેક્ટ્સ છે.

આમ અહીં જણાવેલ વિગત મુજબ સાવચેતી રાખી આ પીડાદાયક ગાઉટમાંથી રાહત મેળવો અને નિરોગી રહો.


MAHAVIR-SANTACRUZ ❖ MAHAVIR-SANTACRUZ ❖ MAHAVIR-SANTACRUZ

**Old is Gold But Gold is never Old**

પણ એ old આઈટમ ને ક્યાં વેંચવી અને એની સાચી Value જાણવા માટે આપણા વડીલોની જુની અને જાણીતી દુકાન એટલે મહાવીર સારીઝ (સાંતાક્રુઝ-વે), ગ્રાહકને ફાયદો વધારે એવી એક માત્ર દુકાન. તમારા દિલ અને દિમાગમાં નામ અને સરનામુ Feet કરી દો. કબાટ ખોલો અને ઉપયોગમાં ન આવે તેવી ફક્ત

- સાચી જરીની સાડી, ચણીયા ચોળી
- સાચી જરીના ઘરચોળા-બોર્ડર-બ્લા
- સાચી જરીના સેલા
- સાચી જરીની બટકસબ તથા આરીવર્કની સાડી-ચણીયા-ચોળી
- સાચી જરીના ચંદરવા-પોઠીયા
- સાચી જરીની છુટ્ટી ટીકી-સુરમો-કસબ-ઘુઘરી
- અમારી દુકાને વેચવા લઈ આવો ને રોકડા રૂપિયા લઈ જાઓ.
- ઘર બેઠા તમારી જુની સાચી જરીની Item વેંચો, ફક્ત એક ફોન કરો, અમે તમારી સેવામાં હાજર.
- રોકડા રૂપિયા-સંતોષકારક વળતર One Shot Final

**મહાવીર સારીઝ,** મોદી ચાલ, શોપ નં.૨,
સીઝન્સ શો રૂમની સામે, સ્ટેશન રોડ, સાંતાક્રુઝ (વેસ્ટ).
**M. : 91 3714 6272 / 96195 54801 (SUNDAY CLOSED)**

MAHAVIR-SANTACRUZ ❖ MAHAVIR-SANTACRUZ ❖ MAHAVIR-SANTACRUZ


## રક્ષાબંધન

ક્યાં ખોવાઈ ગયો એ રક્ષા બંધનનો ત્યોહાર,
જ્યાં પનપતો હતો ભાઈ બેનનો સાચો પ્યાર.

પહેલા પ્રેમના તાંતણે બાંધેલી સાડીના પાલવની
રાખડીની કિંમત ન શકાય આંકી ,
હવે તો બઝારમાં મળતી ૧૦૦ - ૧૦૦૦ ની
રાખડી લાગે છે સાવ ઝાંખી.

પહેલા રક્ષાબંધન ભાઈ બેનના
અતૂટ પ્રેમ પુરતો હતો સિમિત ,
હવે તો ગિફ્ટ અને મીજબાની બની ગઈ છે એક નિમિત .

મને શું મળ્યું , તને શું મળ્યું થઇ આપણી કેટલી કમાણી ,
આજે ભાઈભાઈના પ્રેમના પ્રેમની કિંમત છે બોલાણી .

યાદ કરે છે ભાઈબેન એક બીજાને ખાલી રક્ષાબંધને,
ભુલાઈ ગઈ એ લાગણી, એ ભાવના સમયના અંતરે.

ચાલો કરીયે સંકલ્પ, હર દિવસ રક્ષાબંધન મનાવીશું,
હર દિવસ ભાઈ બેનના પ્રેમના મીઠા મધુર ગીત ગાઈશું.

નથી જોઈતી ફક્ત રાખડી પૂરતી રક્ષા બંધન
ચાલો જોડીએ દિલ થી દિલના સંબંધ,
ભેટ-સોગાદોને મૂકીને ચાલ બની જઈએ
નાના માસુમ ભુલકા,
જ્યાં નથી ખોટો દેખાવો, નથી ખોટો આડંબર,
ત્યાં ફક્ત છે ખરા પ્રેમનો સંબંધ .

કહે કનુ અરિહંત ને,

આકાશમાં જેટલા તારા હોય એટલી જિંદગી હોય
કોઈની નજર ના લાગે એટલી ખુશીઓ હોય
એવો જ સુંદર પવિત્ર બંધન રહે ભાઈ બહેન હોય
રક્ષાબંધન નાં દિવસે ઈશ્વરથી એટલી જ અરજ

**- કનક જયેશ લોડાયા (અજાણી)**
કોઠારા(માટુંગા)

## આગામી પ્ર.સ.ના અતિથી સંપાદક

તા. ૫.૮.૨૦૨૪ના અંકના અતિથી સંપાદક તરીકે કુ. ઉર્વી દેવબાલા-પમેન્દ્ર ધરમશી કોઠારા(નાગપુર) રહેશે.

દષ્ટિ કોણ

# સ્વર્ગની જોડીની માવજત ..

ઍડ. કેતન મધુકાંત લોડાયા-કોઠારા (ગાંધીધામ), મો.:૯૮૭૯૫૨૨૬૪૨



**સ્વર્ગમાં બનતી જોડીના સબંધ**

**એવું તો શું થયું છે આજકાલ, કે રહેતા નથી અંકબંધ**

વડીલો કહે છે કે લગ્ન એ ઢીંગલા-ઢીંગલીની રમત નથી, આ જોડી ભગવાન સ્વર્ગમાં બનાવે છે. એક જમાનામાં ઘોડિયા લગ્ન કે એક બીજા ને જોયા વગર લગ્ન માતા-પિતાએ શોધી આપેલ પાત્ર સાથે થતા તો એ સંબંધોમાં પણ મીઠાશ જળવાઈ રહેતી હતી, પણ હવે તો એકબીજાએ પોતાના પસંદગીના પાત્ર સાથે સમય વિતાવ્યા પછી લગન કરે છે તો પણ લગ્નજીવન કેમ ટકતું નથી?

**સોશ્યિલ મીડિયા એ એક માત્ર કારણ નથી...**

લગ્ન પછી સોશીયલ મીડિયાના બન્નેના અલગ અલગ મિત્રવર્તુળ હોય છે પણ કેમ પતિ કે પત્ની ક્યારે એકબીજાને મિત્રો બનાવી શકતા નથી અને પોતાની પર્સનલ વાતો સોશિયલ મીડિયા ઉપર બનેલા અંજાન મિત્રો સાથે વ્યક્ત કરે છે. પતિ પત્ની એ એક રથના બે પૈડાં છે તો કેમ આજે બંનેને પોતાના મોબાઈલમાં લોક રાખવા પડે છે. એ વિચાર માત્ર સંબંધોમા ધ્રુજારી અપાવી દે છે. પણ લગ્ન બાદ બાહ્ય સબંધ એકમાત્ર લગ્નભંગાણ કારણ કહી શકાય નહિ. હવે તો એકની એક દિકરી હોવાના કારણે વાલીઓ વધુ પડતી એના જીવનમાં દખલ કરતા હોય છે અથવા તો ઉછેર જ એવો કરે છે કે બંને એડજસ્ટ થતા જ નથી. ક્યારેક તો એટલી સ્વતંત્રતા જોઈએ છે કે એકબીજા પ્રત્યેની ફરજ અને જવાબદારી પણ લેવા તૈયાર થતા નથી. આજે બંને પતિ-પત્ની કમાવી રહ્યા છે અને ક્યારેક પતિ કરતા પત્નીની આવક વધુ હોય તે પણ સહન નથી કરી શકતા. કે વધુ ભણેલી હોઈ ઉચ્ચ હોદા ઉપર હોય એ સ્વભાવિક છે. તો પણ સ્વભિમાન આડે આવે છે તેમજ સંયુક્ત પરિવારથી અલગ રહે છે તો પણ બન્ને એકબીજાને સમજી શકતા નથી. આવા ફાસ્ટ ફોરવર્ડ જમાનામાં જેટલા સબંધોની શરૂઆત ઝડપથી થાય છે એટલા જ ઝડપ થી બગડી રહ્યા છે. નવાઈની વાત તો એ છે કે નવોઢીયા તો ઠીક પણ ૧૫-૨૦ વર્ષ જુના સબંધો ઉપર પણ ગ્રહણ લાગવા લાગ્યા છે.

**આવનારી પેઢી લગનને ક્યાંક મજાક ના સમજે...**

આ લગ્ન સબંધ એટલા કાચા થઇ ગયા છે કે મતભેદ તો બધા સબંધમાં હોય પણ મનભેદ ના હોવા જોઈએ. અન્ય સબંધોનો આપણે વિચ્છેદ કરતા નથી તો આ સબંધમાં કેમ છુટા થાય છે? આવા લગ્નજીવનને મજાક કે બંધન સમજીને આવનારા સમયમાં લગ્નની સલાહ આપવાનું જ બંધ કરીને શાયદ પશ્ચિમી સંસ્કૃતિની જેમ મૈત્રી કરાર જ કરશે. સહનશક્તિ કે સમજશક્તિનો અભાવના કારણે પોતાના પસંદના અને પોતાના સ્ટેટ્સ પ્રમાણેના પાર્ટનર હોવા છંતા પણ આ લગ્નજીવનના સબંધમાં પંચર કેમ પડે છે? હવે તો આ સંબંધો સુધારવા માટે સેમિનાર ને કાઉસીલિંગ પણ થવા લાગ્યા છે. પહેલા તો એ પણ સમજશક્તિ હતી કે બાળકો મોટા થાય છે એમના માટે સાથે રહેતા હતા પણ હવે તો સિંગલ પેરેન્ટીંગનો ચીલો ચાલુ કર્યો છે પણ સાથે રહીને જૂની વાતો અવગણતા નથી. હવે લાઈફ સ્ટાઈલ એવી થઇ ગઈ છે કે આખો દિવસ સાથે હોય તો પણ એકબીજા સાથે સમય પસાર થતો નથી ને સ્વતંત્ર બનતા મિત્રો પણ જોઈતા હોય છે. લગ્ન પહેલાના અમુક રાઝની હવે લગ્ન પછી એકબીજા સાથે આપલે કરતા નથી. મોર્ડન જમાનો છે, નમસ્તેની જગ્યાએ હગ કે બોડી ટચ થવા લાગ્યા છે એટલે પાર્ટનરને જે દિલચસ્પી રહેતી તે ઓછી થવા લાગી છે. જે કોઈને ગમે અને કોઈને આ યોગ્ય ના પણ લાગતું હોય જે આખરે અલગ કરવા મજબુર થતા હોય છે.

**કોની ભૂલ એ શોધવા કરતા માત્ર ભૂલ સુધારો....**

કોઈ સબંધ પરફેક્ટ નથી હોતા. આ તો અલગ સ્વભાવ અને અલગ વાતાવરણથી આવેલી બે વ્યિક્તઓએ પોતાના વિચાર અને સબંધમાં બંન્નેએ આપેલા વચનો સાથે આગળ વધવું જોઈએ. પાછળથી અફસોસ થાય તે પહેલા જ એક હાથે તાળી ના વાગે એ સમજી કોની ભૂલ છે એ શોધવામાં સમય વેડફ્યા વગર અને ખોટા વહેમ રાખ્યા કરતા આગળ હવે સારું થાય એ પહેલ કરી અને ભટકી ગયેલા આ સબંધ બચાવવા માટે થતા તમામ પ્રયત્નો કરવા જોઈએ. એકબીજા પ્રત્યે વિશ્વાસ અને ઉત્તરચડાવમાં સાથ આપતા રહેવું જોઈએ. ત્યારે જ આ સબંધનો મહત્ત્વ સમજાશે અને આ સબંધ પવિત્ર રહેશે. જે પણ સંજોગ હોય, સાત જન્મની વાત કરવાવાળા એક જન્મ પણ સાથ નથી આપતા. એ પણ

નથી ખબર કે પાછલા જન્મમાં કોણ શું હતું ને આગળ જન્મમાં કોણ શું હશે કે આગલો જન્મ હોય પણ છે ખરો? સાથે મરવાની કોઈ ગેરંટી નથી પણ સાથે જીવવું એ તમારા હાથમાં છે. તો આ જીવનને જીવી લો બીજા જન્મની જરૂર જ ક્યાં છે. લગ્ન જીવનમાં રસ ઓછો પડવા લાગે અને ઉંમર વધતા પોતાની જાતને કેન્દ્રમાં રાખીને જીવન જીવતા હોય ત્યારે આવી કંટાળાજનક અવસ્થામાં એકબીજાને વફાદાર રહેવા માટે એક બીજાને પ્રેમ-સમય- અને આત્મસન્માન આપશો તો આ મંદ પડી ગયેલી ગાડી ફરી પાટા ઉપર ચડી ને બુલેટ ટ્રેન જેવી દોડવા લાગશે. જે સંબંધ સ્વર્ગમાં ભગવાન બનાવતા હોય છે એને કેમ અકબંધ રાખવા? બસ એ જ આપણી સમજશક્તિની એક સાચી ભેટ છે.

***

## તારો મધમીઠો મહિમા, તને કેમ વિસારું મા?

પા પા પગલી તેં શીખવાડી આંગળીએ વળગાડી
આગળ પાછળ હરતા ફરતા વ્હાલથી રહે જમાડી
મા, તું કદીય થાકતી ના, તને કેમ વિસારું મા?
તારો મધમીઠો મહિમા, તને કેમ વિસારું મા? ૨

ભૂલ કરીને તારે ખોળે માથું મૂકી રડાતું
તારી આંખનું મૂંગૂં આંસુ કહેવાનું કહી જાતું
કોઈને કેમ સમજાવું આ? તને કેમ વિસારું મા?
તારો મધમીઠો મહિમા, તને કેમ વિસારું મા?- ૨

દૂર હોય કે હોય પાસમાં હોય દેશ પરદેશ
અમૃત ઝરતી આંખડી તારી આવતી યાદ હંમેશ
ઠોકર ખાઉં તો કહેઃ 'ખમ્મા!' તને કેમ વિસારું મા?
તારો મધમીઠો મહિમા, તને કેમ વિસારું મા?- ૨

આંગળી તોડી ઊડતાં શીખવ્યું આભ પડે ત્યાં નાનું
'આવજે' કહેવા અટક્યો ત્યારનું મુખ સંભારું માનું
મુખથી કદી કહે નાઃ જા, તને કેમ વિસારું મા?
તારો મધમીઠો મહિમા, તને કેમ વિસારું મા?- ૨

રાત પડે તું નભતારક થઈ મુજને રહેતી જોઈ
આંખનું આંસુ પવન પાલવે મા, તું લેતી લ્હોઈ
તારા હાથને જાણું મા, કહી દઉં : આ તો મારી મા
તારો મધમીઠો મહિમા, તને કેમ વિસારું મા?- ૨

**- તુષાર શુક્લ**

## ઉમરની તો ઐસી કી તૈસી

ઘર ભલે કેવું પણ કેમ ન હોય
તેના એક ખુણામાં, ખુલીને હસવાની જગ્યા રાખજો.
સુરજ કેટલો પણ દુર કેમ ન હોય,
તેને ઘરે આવવાનો રસ્તો રાખજો.
ક્યારેક છત પર ચડી તારાઓ ગણવાનું રાખજો.
થઈ શકેતો હાથ ફેલાવીને ચંદ્રમાને અડવાની કોશિશ કરજો.
જો થાય લોકો સાથે હળવામળવાનું,
તો ઘરની નજીક પાડોશીઓ જરૂર રાખજો.
ભીંજવવા દેજો વરસાદમાં, ઉછળ-કુદ પણ કરવા દેજો.
થઈ શકે તો બાળકોને એક કાગળની હોડી પણ ચલાવવા દેજો.
કદી હોય ફુરસદ ને આકાશ પણ સાફ હોય તો
એકાદ પતંગ આકાશમાં ચગાવજો અને
થઈ શકે તો એકાદ પેચ પણ લડાવજો.
ઘરની સામે ઊભેલા એક વૃક્ષ અને તેના પર
બેઠેલાં પંખીડાઓની વાતો જરૂર સાંભળજો.
ઘર ભલે કેવું પણ કેમ ન હોય,
ઘરના એક ખુણામાં ખુલીને હસવાની જગ્યા રાખજો.
ચાહે ગમે ત્યાંથી જઈએ, એક મીઠી હલચલ મચાવી દઈયે.
ઉમરની દરેક અવસ્થા એક મજેદાર છે,
આપણે સૌ તે ઉમરની મજા લઈયે.
જીંદાદિલ બની રહો સાહેબ,
આ ચહેરા (મુખારવિંદ)પર ઉદાસી કેવી?
વખત તો વિતીજ રહ્યો છે ઉમરની તો ઐસી કી તૈસી

મુળ કવિઃ સ્વ. શ્રી અટલબિહારી વાજપેયી
ગુજરાતી અનુવાદઃ
**શાંતિલાલ રામજી લાલકા-હુબલી**
મો.નં : ૯૨૪૨૨૨૦૮૦૩


SHREE ASHTAVINAYAK APARTMENT
MAHARERA No. : P51600076880



**દેવલાલી**
**સૌભાગ્ય નગર**
મહારેરા રજીસ્ટર પ્રોજેક્ટ, ગુજરાતી પ્રતિષ્ઠિત બિલ્ડર, નાકા નં. ૬ની ગલીમાં, શ્રી પાર્શ્વધામ દેરાસરની સામેની ગલીમાં, શ્રી વિમલનાથજી દેરાસર તથા અનંત આરોગ્યધામ નિધી સેનેટોરીયમથી ફક્ત પાંચ મિનીટના અંતરે, ૨ બેડરૂમના ફ્લેટો.
**બુકીંગ માટે : પરેશ રાયચંદ શામજી ધરમશી**
મહારેરા રજીસ્ટર બ્રોકર : A51800002926
મો. ૯૯૩૦૮૦૩૯૫૯ / ૯૯૩૦૧૦૬૦૫૪

# ઋણ

ઓફિસે પહેરીને હું જતો એ બુટના તળિયા ફાટી ગયા હતા ચારે બાજુથી બુટને સિલાઈઓ મરાવી મરાવી બુટને જીવતા રાખવાનો નિરર્થક પ્રયત્ન હું કરતો હતો. જેમ એક મધ્યમવર્ગની દશા એક સાંધે અને તેર તૂટે એવી જ દશા મારા બુટની હતી.

કોઈ દર્દીની સારવાર કરી ડોક્ટર અંતે થાકીને કહે કે દર્દી લાબું નહીં જીવે. ખોટો ખર્ચ દર્દી પાછળ કરવા જેવો નથી. તેમ મારા મોચી એ કહ્યું, 'સાહેબ, નવા બુટ ખરીદી લ્યો. ઘણો કસ કાઢ્યો હવે ખર્ચ આ બુટ પાછળ કરવા જેવો નથી.

આજે રવિવાર હોવાથી મેં મારા બુટ ચપ્પલના સ્ટેન્ડની સાફ સફાઈના બહાને ઘર સભ્યોના ચપ્પલ બુટની વર્તમાન દશા શું છે એ જોવા પ્રયત્ન કર્યો.

મારા નસીબ સારા હતા. ઘરની વ્યક્તિઓ સમજુ હતી. સામેથી કોઈ પણ પ્રકારની માંગણી તેઓ કરતા નહીં. એટલે એ લોકોની જરૂરિયાત સમયે સમયે જોવાની મારી નૈતિક ફરજ અને જવાબદારી પણ બનતી હતી.

મારો પગાર પણ સારો, બચત પણ સારી. પણ સંઘર્ષના સમયે કરેલ કરકસરની ટેવ ધીરે ધીરે આદત બનતી જાય છે. બુટ ચંપલ નું સ્ટેન્ડ. ઘરના દરેક સભ્યના નવા બુટ ચમ્પલ લેવાનું મને કહેતું હતું....

મેં કાવ્યા ને બુમ મારી બોલાવી કહ્યું આ તારા ચમ્પલ જો બાળકોના બુટ જો, તમને એમ નથી થતું. હવે નવા બુટ ચંપલ લેવા જોઈએ?

કાવ્યા બોલી પ્રથમ તમારે જરૂર છે.બુટમાંથી અંગુઠો બહાર આવવા ની તૈયારી કરી રહ્યો છે.

હું પિન્ટુ અને મારી દીકરી શીતલ હસી પડ્યા. સારું આજે સાંજે બુટ અને ચંપલ લેવા આપણે સાથે જશું.

સાંજે ફરતા ફરતા શહેરમાં ઘણા સમય થી ફેમસ બનેલ ''બુટ હાઉસ''ના શોરૂમ પાસે અમે ઉભા રહ્યા.પિન્ટુ બોલ્યો પપ્પા આપણા શહેરમાં આ શોરૂમનું નામ છે આવા બીજા બે શોરૂમ પણ આ શહેર માં છે. નવી નવી બુટ ચંપલની ડિઝાઈન અહીંથી આપણને મળી રહેશે.

શોરૂમ જોઈ અંદર જવાની હિંમત થતી ન હતી. છતાં પણ બાળકો અને પત્ની ની ઈચ્છા હતી એટલે પ્રથમ પાકીટ અને ક્રેડિટ કાર્ડ ખીસા માં છે કે નહીં એ ખાતરી કરી હિંમત એકઠી કરી શોરૂમ માં અમે પ્રવેશ કર્યો.

કઈ બાજુથી શરૂઆત કરવી એ જ ખબર પડતી ન હતી.

બુટની રેન્જ ચાલુ જ ત્રણ હજાર થી થતી હતી. શોરૂમના સેલ્સમેન પણ વારંવાર મારા બુટ તરફ નજર કરતા હતા તેઓનો પ્રતિસાદ નબળો હોવાનું કરણ મારા બુટ હતા એ હું સમજી ગયો હતો.

અહીં શોરૂમ માં મને પરસેવો થતો જોઈ મારા સમજદાર પરિવારે મને કહ્યું, પપ્પા આના કરતાં શહેરમાં સસ્તા મળે. આ તો એરિયાનો ભાવ લે છે લૂંટે છે.

અમારી વાતચીત અને હાવ ભાવ જોઈ એક યુવાન વ્યક્તિ ચેમ્બરમાંથી બહાર આવી.

આવો સાહેબ,

તમારા માટે આ ડિઝાઈન પરફેક્ટ છે. મેં બુટની કિંમત જોઈ ૪૯૯૯ રૂપિયા. મેં કીધું ભાઈ મને બીજે તપાસ કરવા દે.

અરે વડીલ અમારા ગ્રાહક અમારા ભગવાન છે....એ યુવાન શેઠ હોવા છતાં તે મારા પગ પકડી નીચે બેસી મને બુટ પહેરાવવા લાગ્યો. સેલ્સ સ્ટાફે તેમને ચેમ્બરમાં જવા વિનંતી કરી.

પણ આ યુવાન લાગતો શોરૂમનો માલિક બોલતો હતો ભગવાન આજે સામે ચાલીને આપણે ત્યાં આવ્યા છે.

તેના સ્ટાફને બોલાવી કીધું. આ બુટ પેક કરો. સાહેબના બુટ અને સાઇઝ મને યાદ છે.

હું ધારી ધારીને એ વ્યક્તિ ને જોતો રહ્યો. સાચો સેલ્સમેન તો આને કહેવાય.

મારી પત્ની કાવ્યા સામે જોઈ શેઠ બોલ્યા બેન તમારા માટે આ સેન્ડલ યોગ્ય છે. તેની કિંમત મેં જોઈ ૨૯૯૯ રૂપિયા.

હવે તેણે પિન્ટુ સામે જોયું તું યુવાન છે. આ સ્પોર્ટસ શૂઝથી તારો વટ પડશે. તેની કિંમત ૫૮૯૯ રૂપિયા મેં કીધું અરે ભાઈ તમે મને તો પૂછો તો ખરા, કિંમત મને પરવડે છે કે નહીં. એ વ્યક્તિ એ કંઈ સાંભળ્યું જ નહીં .

શીતલના પણ સેન્ડલ પેક કરવા પોતાના માણસને આપી કેશકાઉન્ટર ઉપર મોકલ્યો અને પાછળ પાછળ પોતે ગયો.

પાકીટમાંથી આટલા રૂપિયા નીકળશે એ ચિતામાં હતો ત્યાં એ સજ્જન વ્યક્તિ મારી પાસે આવી બોલી. લ્યો સાહેબ આ તમારૂં બિલ. કેશ કાઉન્ટર ઉપર રૂપિયા જમા કરાવી. ડિલિવરી લઈ લ્યો.

બે મિનિટ તો ઝગડો કરી લેવા ની ઈચ્છા થઈ પણ જયારે મેં બિલ જોયું ત્યારે હું ઠંડો થઈ ગયો.

ટોટલ રકમ ઉપર ડિસ્કાઉન્ટ ૧૦૦% ચૂકવવા પાત્ર રકમ

ઝીરો રૂપિયા. મેં એ વ્યક્તિ સામે જોઈ કીધું. તમે અમારી મજાક તો ઉડાવતા નથી ને?

એ યુવાન શેઠ હાથ જોડી ઉભો રહી ગયો અને બોલ્યો અરે સાહેબ, જીંદગી જયારે અમારી મજાક ઉડાવતી હતી. ત્યારે તમે

અમારો હાથ પકડ્યો હતો. તમારી મજાક ઉડાવવા માટે અમારી હેસિયત જ નથી.

યાદ આવ્યું કંઈ સાહેબ?

ના, કંઈ યાદ નથી આવતું મેં કીધું.

સાહેબ, બુટ પોલીશ યાદ આવ્યું.

અરે તમે રામ અને શ્યામ?

હા વડીલ હું રામ

હું દોડી ને તેને ભેટી પડ્યો અરે બેટા આવડી મોટી વ્યક્તિ તું બની ગયો?

શ્યામ ક્યાં છે?

શ્યામ કેશ કાઉન્ટર ઉપરથી હસતા હસતા દોડીને આવ્યો. મને ભેટી ને પગે લાગ્યો.

અરે સાહેબ અમારી જીંદગી તમારા ઉપકાર ના ૧૦૦% ડિસ્કાઉન્ટ ઉપર ચાલે છે. જો તમે યોગ્ય સમયે અમારો હાથ પકડ્યો ન હોત તો તો આજે અમે લોકોની બુટ પોલિશ જ કરતા હોત.

આ શો રૂમ તમારો છે. અમારા વડીલ ગણો મા-બાપ કે દેવ ગણો તમે જ છો. અમે આ શોરૂમનું ઉદ્ઘાટન તમારા હાથે કરવા તમને યાદ કર્યા હતા. તમારી ઓફીસે ગયા. ત્યાંથી તમારી ટ્રાન્સફર થઈ ગઈ હતી. પણ અમારી ઈચ્છા આજે પુરી થઈ. આવો ચેમ્બરમાં વડીલ અમે ચેમ્બરમાં ગયા.

રામ પિન્ટુ સામે જોઈ બોલ્યો બેટા વર્ષો પહેલા તારા પપ્પા બસ સ્ટેન્ડ પાસે ઉભા હતા. અમે બન્ને તારા પપ્પાને બુટ પોલીશ કરાવવા માટે પાછળ પડ્યા. તેમણે બુટ પોલિશ માટે બુટ આપ્યા પછી એક બુટ મેં લીધું અને એક શ્યામે.

તારા પપ્પા એ દસ રૂપિયા આપ્યા. પાંચ રૂપિયા મેં રાખ્યા પાંચ શ્યામને આપ્યા. તારા પપ્પા એ આવું કરવાનું કારણ પૂછ્યું.

મેં કીધું અમે બન્ને ખાસ મિત્રો છીયે. સવારથી બોણી નથી થઈ અમે નક્કી કર્યું છે. આપણે મહેનત પણ સરખી કરશું અને કમાઈ પણ સરખા ભાગે વહેચી લેશું.

તારા પપ્પા એ કીધું આવો સંપ મોટા થઈને પણ રાખશો તો.ખૂબ આગળ નીકળી જશો. એ અમે યાદ રાખ્યું.

પછી તારા પપ્પાએ અમને પૂછ્યું હતું. તમારે ભણવું છે. અમે કીધું હા. અમે હજુ ભૂલ્યા નથી. એ દિવસે તારા પપ્પાએ રજા પાડી અમારું સરકારી સ્કૂલમાં એડમિશન પાક્કું કર્યું. નોટ, ચોપડી, સ્કૂલ ડ્રેસ તથા અન્ય ખર્ચ તેમણે ઊપાડી લીધો.

તારા પપ્પાએ તેમની ઓફીસનું સરનામું અમને આપ્યું હતું ત્યાંથી અમે આકસ્મિક ભણવાનો કોઈ ખર્ચ આવે તો લઈ આવતા. બાર ધોરણ પછી કોલેજનો ખર્ચ અમે જાતે ઉપાડવાનું નક્કી કર્યું. અમે બને ગ્રેજ્યુએટ થઈ લઘુ ઉદ્યોગ માટેની લોન લઈ બુટ ચમ્પલ બનાવવાની ફેક્ટરી ખોલી. મહેનત અને ઈમાનદારીનું પરિણામ તું આજે જુએ છે.

પણ આ બધાની પાછળ જે વ્યક્તિનું યોગદાન છે એ તારા પપ્પા છે. એ ફક્ત તારા પપ્પા નહીં અમારા પણ છે. અમે મા-બાપ જોયા નથી. પણ હું જ્યારે કલ્પના કરું ત્યારે તારા પપ્પા મારી નજર માં પ્રથમ આવે. અમારી તો કોઈ ઓળખ જ હતી નહીં. રસ્તા વચ્ચે ઠેબા મારતા પથ્થર જેવી દશા ને દિશા અમારી હતી. અચાનક દેવદૂત બનીને તારા પપ્પા આવ્યા અમારી દશા અને દિશા નક્કી કરનાર આ તારા પપ્પા સામાન્ય વ્યક્તિ નથી.

આ બુટ ચમ્પલની કિંમત કંઇ જ નથી. જે વ્યક્તિ પોતાના મોજશોખ ઉપર કાપ મૂકી બીજાને મદદ કરે એ વ્યક્તિ સામાન્ય ન હોય.

રામ અને શ્યામ ઉભા થયા. મને અને કાવ્યાને પગે લાગ્યા. પોતાનું કાર્ડ આપી કીધું, ૩૬૫ x ૨૪ કલાક અમે તમારા માટે ઉભા છીયે.

પિન્ટુને અને શીતલને પણ કીધું. અમે તમારા મોટા ભાઈઓ છીયે એવું સમજી લ્યો. જીવનમાં સુખ દુઃખ વખતે અમે તમારી સાથે પડછાયો બની ઉભા રહેશું એ અમારૂં વચન છે.

હવે આ દુનિયા ની ભીડ માં તમે ફરી પાછા ખોવાઈ જાવ એ પહેલાં તમારા મોબાઈલ નંબર અને ઘરનું સરનામું અમને આપતા જાવ. આવતા રવિવારે અમારા ઘરે ડિનર તમારા બધા નું પાક્કું.

મારી આંખ ભીની થઈ ગઈ. અજાણતા કરેલ થોડી અમથી મદદ કોઈની જીંદગી માટે યાદગાર બની જાય છે. આશ્રમ અને મોટા મંદિર માં આપેલ દાનની કોઈ નોંધ પણ નથી લેતું. અને આવી વ્યક્તિઓ આપણી મદદને દિલ ઉપર કંડારી દેતા હોય છે.

અમે એક યાદગાર મુલાકાત પછી છુટા પડ્યા.

મિત્રો, તમારાથી કોઈ ને મદદ ન થાય તો કંઈ નહીં પણ કોઈનું મોરલ તૂટી જાય તેવા શબ્દો બોલવા નહીં, સમય બળવાન છે. આજે સમય મારી સામે ઉભો હતો. મેં મારી નજર સામે સમયને બદલાતો જોયો છે.

પરમાર્થ કરતા રહો.

આર્થિક, માનસિક, શારીરિક તમારી પાસે જે યોગ્યતા હોય તે મદદ કરતા રહો.

તમારી નાની મદદ કોઈનું જીવન બદલી નાખે છે.

**મોકલનાર - કુમાર બાબુભાઈ દંડ-ભાંડુપ (તેરા)**

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### મોનિક ધરમશી એસકેએએલના ટ્રેઝરર ચૂંટાયા

સુથરીના હૈદરાબાદ નિવાસી મોનિક ભાવના-વિનોદ ધરમશી એસકેએએલ ઈન્ટરનેશનલની ઈંડિયા શાખાના નેશનલ ટ્રેઝરર ચૂંટાયા છે. ટ્રાવેલ અને હોસ્પિટાલિટી બિઝનેસના આ આંતરરાષ્ટ્રીય સંગઠનની ૧૯૩૪માં ફ્રાંસમાં સ્થાપના થઈ હતી. એની ભારતીય પાંખમાં કુલ ૧૨ ક્લબ અને ૧૨૦૦ જેટલા સભ્ય છે.

### બિનોય મોમાયાનું બહુમાન

ડિસ્ટ્રીક્ટ ગવર્નર પદે રોટેરિયન શરદ પઈના બેલગાવી ખાતે પદગ્રહણ સમારંભમાં તેમના દ્વારા સાંયરાના હુબલી નિવાસી બિનોય નરેન્દ્ર મોમાયાને ડિસ્ટ્રીક્ટના બેસ્ટ પરફોર્મિંગ રોટરી ક્લબ પ્રેસીડેન્ટ તરીકે રોટરી ઈન્ટરનેશનલ એવેન્યુઝ ઓફ સર્વિસ એવોર્ડ ૨૦૨૩-૨૪ ટ્રોફી પ્રદાન કરવામાં આવી હતી.

### પ્રો. ડૉ. મહિમા મોહિત દંડનું બહુમાન

તેરાના હુબલી નિવાસી પ્રો.ડૉ. મહિમા મોહિત દંડને હાલમાં જ વર્ષ ૨૦૨૩-૨૪ માટે રોટરી ઈન્ટરનેશનલ એવેન્યુઝ ઓફ સર્વિસ એવોર્ડ એનાયત કરાયો હતો.

બેલગાવી ખાતે રોટેરીયન શરદ પઈના ડીસ્ટ્રીક્ટ ગવર્નર (RID3170)ના પદ ગ્રહણ કાર્યક્રમમાં પોતાના જિલ્લાના બેસ્ટ રોટરી ક્લબ પ્રેસીડેન્ટ એવોર્ડ એનાયત કરાયો હતો. રોટરી ઈન્ટરનેશનલના રાજુ સુબ્રમણીયમ, મુંબઈ, સમારંભના ચીફગેસ્ટ હતા.

### નિલમ નાગડા ઈનરવ્હીલ પ્રેસીડન્ટ ચૂંટાયા

તેરાના મુલુંડ-ડોંબિવલી વેસ્ટ નિવાસી શ્રીમતી નીલમ મયુર નાગડા ડોંબિવલી વેસ્ટના ઈનરવ્હીલ ક્લબના પ્રેસીડેન્ટ ચૂંટાયા છે. નીલમબેન યૂ-ટ્યુબ પર હેલ્થશાલા પ્રોગ્રામ રજુ કરે છે. જેમાં એમના પુત્ર તનિશ એડીટીંગમાં મદદ કરે છે.

### યુવા કેડીઓ ઈન્વેન્ટર રોહન લોડાયા

જખૌના જામનગર નિવાસી રોહન રાજેશ રમણકાંત લોડાયાને ઈલેક્ટ્રીક વાહનો માટેની 'ડ્યૂલ ક્રેડલ ફ્રેમ' પેટન્ટ બાબત એવોર્ડ એનાયત થયો છે. ૨૦૨૫માં ઈટાલી ખાતે અનુસ્નાતક અભ્યાસ માટે તૈયારી કરી રહેલા રોહને 'મેટર'માં મેળવેલા છ પુરસ્કારોમાં આ એવોર્ડ પણ સામેલ છે.

### વિદ્યાર્થી સંઘની ૭૦ વર્ષની ઉજવણી

વિદ્યાર્થી સંઘની ૭૦ વર્ષની ઉજવણીના ભાગરૂપે એચડી ફાયર પ્રોડક્ટ પ્રા.લિ. પ્રાયોજિત કચ્છી નાટક 'વા રે વા જિંદગી' શનિવાર તા. ૩ ઓગસ્ટ ૨૦૨૪ના રજુ કરવામાં આવશે.

### ભુલકાઓએ ઉજવ્યું છત્રી દિન

સીડીઓ જૈન સ્કૂલ ગદગના કેજી સેક્શનના ભુલકાઓએ છત્રી દિન મનાવ્યું હતું. બધા બાળકો પોતપોતાની રંગબેરંગી છત્રીઓ લાવ્યા હતા. વર્ષા ગીત પણ લલકાર્યું હતું.

### હુબલીમાં નૂતન જિનાલયની યોજના

હુબલીના નવા કેડીઓ અપાર્ટમેન્ટ્સ કોમ્પ્લેક્સમાં એક કેડીઓ પરિવાર દ્વારા નૂતન જિનાલય નિર્માણનો સંકલ્પ લેવાયો છે.

### જસ્મીન જોબનપુત્રા મૈશેરી

નાની સિંધોડીના મુલુંડ નિવાસી સૌ. જીજ્ઞા હીરેન માણેકજી મૈશેરીની દીકરી જસ્મીન જોબનપુત્રા સી.એ.ની પરીક્ષામાં ઉત્તીર્ણ થયા.

### કાર્તિક નાગડા

નલીયાના વડોદરા નિવાસી કાર્તિક વીરેન્દ્ર રામજી નાગડા સીએ ઈન્ટરમિડિએટના બન્ને ગ્રુપની પરીક્ષામાં પાસ થયા છે.

### રેલવે લોક દરબાર ૨૮.૭.૨૪

કચ્છ પેસેન્જર્સ એસોસિએશન, માટુંગા કચ્છી મૂર્તિપૂજક જૈન સંઘ અને એક પ્રતિષ્ઠીત એનજીઓના સહયોગમાં તા. ૨૮ જુલાઈ ૨૦૨૪ના રોજ સવારના ૯.૩૦ વાગ્યાથી નારાણજી શામજી વાડી માટુંગામાં લોક દરબારનું આયોજન કરવામાં આવ્યું છે.

આ લોક દરબારમાં પૂર્વ રેલમંત્રી, ઝોનલ રેલવે યૂઝર્સ સલાહકાર સમિતી અને સ્ટેટ રેલવે યૂઝર્સ સલાહકાર સમિતીના સભ્યો હાજર રહેશે. આ દરબારમાં રેલવે યાત્રીઓને ભોગવવી પડતી હાલાકી, સુવિધા અને વિવિધ ફરિયાદો બાબત રજુઆત કરવા સાદર આમંત્રણ.

### કલ્પવૃક્ષ યોજનાના રીફંડ ફોર્મની તારીખ

કલ્પવૃક્ષ યોજનાના અનેક વૃક્ષ માલિકોના અનુરોધને ધ્યાનમાં લઈ રીફંડ ફોર્મ જમા કરાવવાની છેલ્લી તારીખ લંબાવીને ૩૧ ડિસેમ્બર ૨૦૨૪ નક્કી કરાઈ છે.

### યંગસ્ટાર સ્વરા લોડાયા

કોઠારાના મસ્કત નિવાસી સ્વરા મેઘા અતિત લોડાયા દ્વારા સોલાપુરમાં આયોજિત એક ખાસ કાર્યક્રમમાં નૃત્ય સંગીત સાથે આસન કમ રિંગ ડાંસ રજુ કર્યું હતુ.

આ નવ વર્ષીય ઉભરતી કલાકાર સુંદર ગાયિકા પણ છે.

### શ્રી અંકુશ મિત્ર મંડળ - ડોંબિવલી (વેસ્ટ)

મંડળ દ્વારા આ વર્ષે પણ, નવરાત્રીનું આયોજન કરવામાં આવેલ છે. નવરાત્રી ઉત્સવની બાબતમાં ચર્ચા કરવા સભાનું આયોજન તા. ૦૪/૦૮/૨૦૨૪ રવિવારના સવારે ૧૧ થી ૧ કલાકે ગંગારામ ભોઈર બિલ્ડિંગ, ૩જે માળે, નવરાત્રી ચોકમાં રાખવામાં આવેલ છે. સંપર્ક : મહેશ જયંતિલાલ ધુલ્લા - ૮૬૫૭૨૦૭૪૭૯ , અરવિંદ બાબુલાલ ધરમશી - ૯૩૨૦૯૫૧૨૬૩.

### શ્રી છત્તીસગઢ કદઓ જૈન યુવા મંડળ-રાયપુર







